# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 15-10-2025 Day: Thursday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **વિરલ રાણા** વાંચે છે.

---

## કૃષિ વિકાસ દિવસ – રાજ્ય

કૃષિમંત્રી રાઘવજી પટેલે પંચમહાલમાં છબલપુર ખાતેથી ગઇકાલે કૃષિ વિકાસ દિવસ અને રવિ કૃષિ મહોત્સવની રાજ્યકક્ષાની ઉજવણીનો પ્રારંભ કરાવ્યો. આ પ્રસંગે તેમણે કહ્યું, કૃષિ રથના માધ્યમથી ખેડૂતોને નવા બિયારણ, સંશોધનો, કાયદાઓ અને યાંત્રિક સાધનો અંગે માહિતગાર કરાયા છે. તેના કારણે રાજ્યનો કૃષિ વિકાસ દર નવ પૂર્ણાંક 75 ટકા રહ્યો છે. આ જ કામને આગળ વધારવા સરકારે ખેડૂતો ઘરે બેઠા ઑનલાઈન અરજી કરી શકે તે માટે આઈ-ખેડૂત પૉર્ટલ શરૂ કર્યું છે.

રાજ્યના બે લાખ 40 હજાર હૅક્ટર વિસ્તારમાં પાંચ લાખ 64 હજાર જેટલા ખેડૂત પ્રાકૃતિક ખેતી કરી રહ્યા હોવાનું પણ કૃષિમંત્રીએ ઉમેર્યું. તેમણે કહ્યું, ગત 10 વર્ષમાં એક કરોડથી વધુ ખેડૂતોને 12 કરોડ રૂપિયાથી વધુની કુદરતી આપત્તિ સહાય અપાઈ છે.

---------------------------------------------------------------------------------------

## રવિ કૃષિ મહોત્સવ કચ્છ

રાજ્યભરમાં વિકાસ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે ગઇકાલે વિવિધ મંત્રીઓની ઉપસ્થિતિમાં કૃષિ વિકાસ દિવસ ઉજવાયો.

ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્યદંડક જગદીશ મકવાણાની અધ્યક્ષતામાં કચ્છના ભુજમાં જિલ્લાકક્ષાનો કૃષિ વિકાસ દિવસ અને રવિ કૃષિ મહોત્સવ ઉજવાયો. આ પ્રસંગે

પ્રગતિશીલ ખેડૂતોએ પોતાના અનુભવ વર્ણવ્યા. તેમજ પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોનું સન્માન અને વિવિધ યોજનાના લાભાર્થીઓને સહાય અપાઈ.

---------------------------------------------------------------------------------------------------

## હાથસાળ : હસ્તકલા પુરસ્કાર

રાજ્યના હાથસાળ–હસ્તકળા ક્ષેત્રે સિદ્ધિ મેળવનારા 19 જેટલા કારીગરને રાજ્ય સરકાર દ્વારા પુરસ્કાર અપાશે. તાજેતરમાં મહેસાણામાં યોજાયેલી સૌપ્રથમ વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ – **VGRC-**માં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ઉત્તમ કામગીરી કરનારા આવા કારીગરોને પુરસ્કાર અપાયા હતા.

રાજ્યકક્ષાની પસંદગી સમિતિએ પસંદ કરેલા કારીગરો પૈકી કાપડ ક્ષેત્ર માટે ક્રમશઃ પ્રથમ અને દ્વિતીય ક્રમે કચ્છના અબ્દુલબશીર ફકીરમામદ ખત્રીને ચંદ્રોકણી બાંધણી દુપટ્ટા તથા સંજોટ પ્રકાશભાઈ પૂંજાને દેશી ધાબડો માટે આગામી સમયમાં પુરસ્કાર અપાશે.

---------------------------------------------------------------------------------------------------

## રવિ કૃષિ મહોત્સવ-મુન્દ્રા

વિકાસ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે 'કૃષિ વિકાસ દિન' તેમજ 'રવી કૃષિ મહોત્સવ' અંતર્ગત મુંદરા તાલુકા અમલીકરણ સમિતિ દ્વારા તાલુકામાં પ્રાગપર ચોકડી, આશાપુરા માતા મંદિર ખાતે તાલુકાકક્ષાનો રવી કૃષિ મેળો યોજાયો હતો, જેમાં વિવિધ ગામોમાંથી બહોળી સંખ્યામાં ૫૩૯ જેટલા ખેડૂત હાજર રહ્યા હતા અને સરકારના વિવિધ વિભાગો અને ખાનગી સંસ્થા દ્વારા ૧૦ જેટલા સ્ટોલનું પ્રદર્શન યોજાયું હતું.

---------------------------------------------------------------------------------------------------

## 108 – ઇમરજન્સી સેવા

દિવાળીના તહેવારો નજીક આવી રહ્યા છે ત્યારે આ તહેવારો દરમિયાન આગ અને અકસ્માતના બનાવો વધતા હોય છે. જેને ધ્યાનમાં રાખી ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ સેવાએ લોકોને તાત્કાલિક સારવાર મળી રહે તેની તૈયારીઓ માટે સજ્જ છે.

કચ્છ ૧૦૮ ઈમરજન્સી સેવાના પ્રોગ્રામ મેનેજર પ્રજાપતિએ જણાવ્યું હતું કે, સામાન્ય દિવસોની તુલનાએ દિવાળીના દિવસો દરમ્યાન ઈમરજ.સી કોલમાં ઉછાળો આવતો હોય છે. તહેવારો દરમ્યાન દાઝી જવું, રોડ અકસ્માત અને  શ્વાસ લેવામાં તકલીફ જેવા કેસમાં નોંધપાત્ર વધારો થાય છે. ૧૦૮ ઈમરજન્સી મેનેજમેન્ટ સેન્ટરમાં તાલીમબદ્ધ ઓફિસર, ડોકટરની સેવા સાથે ઉપબ્ધ રહેશે. મેડીકલ સહિત ઈમરજન્સીને પહોંચી વળાય તે માટે કચ્છ જિલ્લાની તમામ ૭૮ એમ્બ્યુલન્સ સાથે ૩૨૦ જેટલા કર્મચારીઓ, તબીબો સ્ટેન્ડ બાય રહેશે.

---------------------------------------------------------------------------------------------------

## માંડવી નગર સેવા સદન – અગ્નિ સુરક્ષા કેમ્પ

માંડવી નગર સેવા સદન દ્વારા આવનારા દિવાળીના તહેવારને ધ્યાનમાં રાખીને નાગરિકોને અગ્નિ સુરક્ષા વિશે માહિતગાર કરવા અગ્નિશમન નિદર્શન કેમ્પ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં વહીવટી તંત્ર દ્વારા સુચારું આયોજન કરવામાં આવ્યું હતું. દરમિયાન માંડવી શહેરમાં અલગ અલગ વેચાણ કરવાને બદલે ખુલા મેદાનમાં એક જ જગ્યાએ ફટાકડાનું વેચાણ થાય તે માટે જી. ટી. ગ્રાઉન્ડ મધ્યે હંગામી ફટાકડા બજાર બનાવવામાં આવેલ છે. ફટાકડા વેચાણ કરતા વેપારીઓએ પ્રાંત અધિકારી, મુન્દ્રા પાસેથી લાયસન્સ મેળવવાનું રહેશે.

---------------------------------------------------------------------------------------------------

## આંતર જિલ્લા ટેબલ ટેનિસ સ્પર્ધા : ગાંધીધામ

કચ્છના ગાંધીધામમાં ગઇકાલથી ગુજરાત રાજ્ય અને આંતર-જિલ્લા ટેબલ ટેનિસ સ્પર્ધાનો પ્રારંભ થયો. હરેશ સંગતાણી રમતગમત સંકુલ ખાતે યોજાયેલી આ સ્પર્ધાનું આયોજન ગુજરાત રાજ્ય ટેબલ ટેનિસ સંગઠન- **G.S.T.T.A.**ના સંયુક્ત ઉપક્રમે કરાયું છે.

આ મહિનાની 17 તારીખ સુધી યોજાનારી આ સ્પર્ધામાં રાજ્યના ટોચના ખેલાડી ધૈર્ય પરમાર, ચિત્રાક્ષ ભટ્ટ, ફ્રેનાઝ છિપીયા, ઓઇશિકી જોઆરદાર, ફિલઝાહ ફાતિમા કાદરી, અભિલાષ રાવલ, નામના જયસ્વાલ અને જયનીલ મહેતા સહિત 13 જિલ્લાના 550 થી વધુ ખેલાડી ભાગ લઈ રહ્યા છે. આ સ્પર્ધા વર્તમાન ટીટી કૅલેન્ડરના મહત્તમ રૅન્કિંગ પૉઈન્ટ માટે મહત્વની સાબિત થશે.

-----------------------------------------------------------------------------------

## હવામાન

હવામાન ખાતાએ 16થી 19 તારીખ સુધી સામાન્ય વરસાદની આગાહી વ્યક્ત કરી છે. દરમિયાન દક્ષિણ ગુજરાતમાં પણ હળવા વરસાદની શક્યતા છે. બીજી તરફ, આગામી સાત દિવસ રાજ્યમાં તાપમાન યથાવત્ રહેશે. જોકે, આગામી બે દિવસ બાદ લઘુત્તમ તાપમાનમાં બે-થી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો વધારો થઈ શકે છે

-----------------------------------------------------------------------------------